# ઈસ્લામમાં દાઢીની અઝમત અને એહમીયત

**" અલ હમ્દો લીલ્લાહીલ લઝી ઝૈયનર રેજાલા બિલ્લહયે વન નેસાએ બિલહોલા. "**

માઅના :

તમામ હમ્દો સના અલ્લાહ સુબ્હાનહુ ને વાસ્તે છે જેએ મરદોને દાઢીથી ઝીનત બખ્શી અને બૈરોને ઝેવરથી આરાસ્તા કીધા.

અલ્લાહતઆલાએ મરદોને દાઢીની નેઅમત અતા કરીને બૈરો કરતા મુમ્તાઝ અને નિરાલા બનાવા છે. દાઢીની અઝમત અને એહમીયત શરએ મોહંમદી માં બેહદ ઝયાદા છે. નબીઓ, ઈમામો અને દુઆતો ના ચેહરા અલ્લાહની આ પસંદીદા નેઅમત અને સુન્નતથી મુન્નવર હતા. જે શખ્સ અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવો હોય, તેની અખ્લાકી અને શરઈ ફરઝ છે કે તેની સિરત અને સૂરત સુન્નતે રસૂલ (સ.અ.વ.વ.) મુતાબિક હોય, તે હર સુન્નત પર અમલ કરે, ઈઝહાર કરે, દિલથી માને અને બીજાને એ મુજબ અમલ કરવા વાસ્તે આમાદહ કરે. તો જ તે ઈમાન ની શરતોમાં કામિલ અને પૂરેપૂરો છે.

અલ્લાહની પનાહ તે લોગોથી જે છડેચોક સુન્નતે પાક સાથે ખિલવાડ કરે છે, મઝાક ઉડાવે છે, રમતબાઝી કરે છે. દાઢી તો રાખે છે, મગર ફકત નામની. ગાર્ડનમાં કપાયેલી લોન મુજબ તેઓના ચેહરા હોય છે. દાઢી રાખા પછી તેને નીચેથી કાપવી, કતરવી અને બગૈર કોઈ સબબ તેને છેડવી શરીઅતના હુકમને ખિલાફ છે, અલ્લાહ નઝદીક આ અમલ ઘણો નાપસંદીદા છે. દાઢી રાખવી તો પૂરેપૂરી અને કાયદા મુજબ રાખવી. આ તો ઠીક, ઘણા તો એવા આજના બની બેસેલા મોડર્ન જવાનો અને ઉમ્રરસીદા ઝઈફો છે જેના ચેહરા પર આજ તક બહાર આવી જ નથી. હર વક્ત તેનો ચેહરો બંજરને બંજર, બેનૂર અને બેઆબ. શું કોઈ એમ ન ચાહે કે મેહશરના મેદાનમાં અલ્લાહતઆલા તેના ચેહરાને જોઈને ખુશ થાય, પંજતન પાક (અ.સ.) તેના સબબ નાઝ અને ફખર કરે ? ઝરૂર અલ્લાહ ખુશ થાશે અને પંજતન પાક (અ.સ.) નાઝ કરશે તે લોગો પર જે સાચા શીઆ હશે, અલ્લાહના અહકામ અને સુન્નતથી વીલગી રહ્યા હશે, તેઓના જીસ્મોના આઅઝાથી ઈમાનનુ નૂર ઝલકતું હશે. તો હમેં પણ એવા અમલ અને આદતને અપનાવીએ જેથી અલ્લાહ હમારે પર કરમ અને નવાઝીશ કરે. મુખ્લિસ મુમીન તે કહેવાય જેના ચેહરા પર દાઢીનું નૂર હોય, નઝરમાં નમી હોય, ઝબાનમાં નરમી હોય, આદતો-ખયાલાતમાં પાકી હોય, દિલમાં અલ્લાહ નો ખૌફ અને પરહેઝગારી હોય. જૂના ઝમાનામાં હમારા બુઝુર્ગોના નૂરાનીદાર ચેહરાને જોઈએ છીએ તો માઅલૂમ થાય છે કે અલ્લાહની આ બાઅઝમત નેઅમતની શું એહમીયત હતી. એ ઝમાનમાં દાઢીના સબબ લોકોની શખ્સીયત અને છાપ આઅલા પૈમાનાની હતી. તેઓના ચેહરા પર બુઝુર્ગી અને સંજીદગીના આસાર ઝાહિર થાતા હતા. આ નેઅમતને મિટાવનારા અલ્લાહતઆલાની કઝા અને તખ્લીકમાં ભૂલ અને કુસૂર કાઢે છે. અને જે લોકો અલ્લાહના ઈન્સાફની કદર નથી કરતા તેઓ અઝાબે ઈલાહીમાં ગીરફતાર થાય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સફેદ દાઢીને નૂર કહ્યું છે અને આપે ફરમાવું કે, "બુઢાપાની સફેદ દાઢી ચેહરાનુ નૂર છે, તેને હરગીઝ ન બુઝાવો". અને આપે એ પણ ફરમાવું છે કે, "જે કોઈ શખ્સ મારી સુન્નતથી મોં ફિરાવશે, તે મારી ઉમ્મતમાંથી નથી". તો આ પરથી સાબિત થાય છે કે, **જે કોઈ શખ્સ દાઢી રાખવાના ફરમાનને ધ્યાનમાં નથી લેતો તે જાણે ઉમ્મતે રસૂલ (સ.અ.વ.વ.) માંથી નિકલી જાય છે.**

**જે વક્ત દિકરો યા દિકરી બાલિગ થાય છે, જીસ્માની તથા ઝેહની તૌરથી કામિલ થાય છે, અકલ અને તમીઝવાલો થાય છે. તો ઝમાનાના દાઈ તેનો મીસાક લે છે. અલ્લાહ અને તેના રસૂલનો પૈગામ તેને બતાવવામાં આવે છે જેથી તે પોતાની ઝિંદગીને ઈમાનથી પાકીઝા બનાવે. આ મુકદસ મીસાક બાદ દિકરાના ચેહરા પર દાઢી અને મૂંછ ઉગવાની શુરૂ થાય છે. મગર અલ્લાહે આ નિશાનીથી દિકરીને મેહરૂમ રાખી છે. આમાં અલ્લાહની અજબ હિકમત અને રાઝ છે. દિકરા પર વાજીબ છે કે તેની દાઢી ને બરાબર આરાસ્તા કરે, કાપે નહીં. દાઢીને ચેહરાની બેવે બાજુથી ઉમ્દા શિકલ આપી ભરાવદાર કરે. પોતાની મૂંછના બાલને નીચેથી કાપે, તેને પતલી રેહવા દે, બાલને ઉપરના હોંઠની ચામડી પર આવવા ન દે. વુઝુ કરતી વક્ત દાઢીના બાલમાં ખલલ કરીને તેની ચામડી તક પાની પહોંચાવે અને વક્તન ફ વક્તન દાઢીને કંગી કરે. મુમેનીન દાઢીના સફેદ બાલને કાલા રંગનું ખિઝાબ ન લગાવે. આ અમલ અલ્લાહની નારાઝગીનો સબબ બને છે.**

**મરદો પર લાઈક છે બલ્કે વાજીબ છે કે પોતાની દાઢીની હિફાઝત કરે. તેને કાપીને બૈરોના ચેહરા મુજબ પોતે ન બને. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તે મરદ ઉપર લાઅનત બોલી છે જે બૈરો મુજબ બને અને તે બૈરો પર લાઅનત બોલી છે જે મરદ મુજબ બને. મરદ ને મરદ મુજબ રેહવું જોઈએ અને બૈરોને બૈરો મુજબ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને નઝદીક એક શખ્સ શિકાયત લઈને આવો કે, હું દાઢીની નેઅમતથી મેહરૂમ છુ. આપે ફરમાવું કે, "તું બાલિગ હોવા છતા દાઢીથી મેહરૂમ છે ? આ તારા ગુનાહોની સઝા છે."**

**આજકલ ઘણા લોકો વાસ્તે થોડા વક્ત દાઢી રાખી તેને મૂંડાવી દેવી એક ફેશન થઈ ગઈ છે. દાઢી વાસ્તે પણ એક સીઝન હોય છે. દાઢી રાખવાની મૌસમ અજીબો ગરીબ છે, જે વક્ત રજબ મહીનાનો ચાંદ પૈદા થાય છે તે વક્ત આવા લોકોના ચેહરા પર દાઢીનો ચાંદ ચમકે છે. આ ચાંદ બનાવટી અને દેખાવનો હોય છે, થોડા દિવસ વાસ્તે પરહેઝગાર દેખાવવા ! પછી જે વક્ત શવ્વાલનો ચાંદ પૈદા થાય છે તો આ લોકોની દાઢીનો ચાંદ ગુરૂબ થાય છે. પછી પાછો આ ચાંદ મોહર્રમના ચાંદ સાથે નિકલે છે અને આશુરાના અસર પછી સાત મહીના વાસ્તે ગુરૂબ થઈ જાય છે. વાહ રે ! અલ્લાહના બંદા ! શું આ ખુલ્લમ ખુલ્લા સુન્નતે રસૂલ (સ.અ.વ.વ) નો મઝાક નથી ? અફસોસ સાથે કહેવું પડે છે કે હજ્જાજ અને ઝવ્વાર મુમેનીન પણ આ બિમારીનો શિકાર છે. શરીઅત સાથે ખિલવાડ કરવું ઘણી મોટી બલા છે.**

**તમામ અંબિયા ઔલિયા અને અલ્લાહના નેક બંદાઓએ દાઢીનો એહતેરામ કીધો છે અને ઈસ્લામ સિવાય બીજા મઝહબોમાં પણ આ ચીઝને બલંદ મકામ હાસિલ છે. ખાસ એ કે તમામ આલમે ઈસ્લામનો આ વાત પર ઈત્તેફાક છે કે નમાઝ પઢાવનાર ઈમામને બા-શર્અ યાઅની શરીઅતનો પાબંદ દાઢીવાલો હોવું બિલકુલ ઝરૂરી છે. મૌલાના દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) જે વક્ત મુગલ બાદશાહ અકબરના દરબારમાં હાઝર થયા તો બાદશાહે આપની ખુબસુરત ભરાવદાર દાઢીને જોઈને હહ્યું કે, "અય શૈખ, શું તમારી દાઢી છે ?" આપ (ક.રૂ.) એ જવાબમાં ફરમાવું કે, હાઁ, હમે સુન્નતે રસૂલ (સ.અ.વ.વ.) ના પાબંદ છે." અહમદાબાદમાં સૈયદના સફીયુદ્દીન (ક.રૂ.) અને સૈયદના અલી (ક.રૂ.) ના ઝમાનમાં મુમેનીન પર એહલે આમના લોકો ઘણો ઝુલ્મ કરતા હતા. ઘણી વાર તો મુમેનીનને દાઢી મૂંડાવવા પર મજબૂર કરતા અને મુમેનાતને હાથીદાંતની બંગડી પહેરવા પર લાચાર કરતા હતા. આજના આઝાદીના દૌરને તે ઝમાનાના ઝુલ્મ સાથે સરખાવીએ તો આજે અલ્લાહનો હમારે પર ઘણો કરમ છે કે હમેં બિલાખૌફ બિલાતહાશા અપના મઝહબ અને અકીદાનો ઈઝહાર કરી શકીએ છીએ. આખિરમાં ઉમ્મીદથી સહારો લઈ, હમેં તમામ દુઆનું દામન પકડી, અલ્લાહની તૌફીકથી નિય્યત કરી અલ્લાહના દીન પર પૂરી ઈમાનદારી સાથે ચાલીએ. આમીન... ★**